શ્રીહરિરાય મહાપ્રભુ વિરચિત

'ગુરુદેવાષ્ટકમ્' તથા 'શ્રીવલ્લભભાવાષ્ટકમ્'

(અનુવાદ - ગો.વા.શ્રીકાશીરામ કરશનજી શાસ્ત્રી-
માંગરોલ 'શ્રીહરિરાયવાંગ્મુક્તાવલી' ભાગ-૨ માંથી
સાભાર-ઉદ્ધૃત)

આ પ્રકાશનમાં દ્રવ્ય સહાયકર્તા -

શ્રીમતી અપેક્ષાબેન અમ્બરીશકુમાર પરીખ-કેનેડા
ના સર્વ વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ

પ્રકાશક
શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ
'શ્રીરાધાકૃષ્ણકુંજ' બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી, એચ રોડ, અકોટા રોડ,
દિનેશ મીલ પાછળ, વડોદરા - ૩૯૦ ૦૨૦
ફોન : (૦૨૬૫) ૨૩૨૬૮૯૭ સમય : બપોરે ૨-૦૦ થી ૬-૦૦
E-mail : **shreevallabhvitthal.@gmail.com**

अथ श्रीहरिरायमहाप्रभु विरचितम्

श्रीगुरुदेवाष्टकम् ।

(અનુવાદ - ગો.વા.શ્રીકાશીરામ કરશનજી શાસ્ત્રી-માંગરોલ
'શ્રીહરિરાયવાંગ્મુક્તાવલી' ભાગ-૨ માંથી સાભાર-ઉદ્ધૃત)

(અનુષ્ટુભ્ છન્દ)

पुष्टिमार्गीयसर्वज्ञः करुणारसपूरितः ।
श्रेष्ठः फलप्रदाता च तस्मै श्रीगुरवे नमः ॥ १ ॥

અનુવાદ - કૃપામાર્ગના સમ્પૂર્ણ રહસ્યને જાણનાર, કરુણારસથી ભરપૂર, સર્વોત્તમ, તથા ફલનું દાન કરનાર - તે શ્રીગુરુદેવને નમસ્કાર ॥ ૧ ॥

दैवजीवसमुद्धर्त्ता आनन्दमयविग्रहः ।
ध्येयोऽसि मे सदा स्वामिन् रसिकैकशिरोमणिः ॥ २ ॥

અનુવાદ - દૈવી જીવોનો ઉદ્ધાર કરનાર, આનન્દમય જેમનું શ્રીઅંગ છે, એવા હે સ્વામી ! આપ સદા મારે ધ્યાન કરવા યોગ્ય છો, અને રસિક-ભગવદ્રસજ્ઞ-પુરુષોમાં એક શિરોમણિ છો ॥ ૨ ॥

प्रतिबन्धनिराकर्त्ता पुष्टिज्ञानप्रदीपकः ।
सर्वसिद्धान्तवक्ता च दीनदुःखासहः प्रभुः ॥ ३ ॥

सर्वदोषप्रहन्ता च सर्वातीतसुखप्रदः ।
बुद्धिप्रेरकभावात्मा, नमामि तमहं गुरुम् ॥ ४ ॥

અનુવાદ - (ભક્તિમાર્ગના) પ્રતિબન્ધોને દૂર કરનાર, અનુગ્રહ માર્ગના જ્ઞાનનું દાન કરવામાં દીપક તુલ્ય, સર્વ સિદ્ધાન્તને કહેનાર, દીનજનોના દુઃખને ન સહી શકનાર, સમર્થ, સર્વ દોષોનો નાશ કરનાર, સર્વોપરિ સુખનું દાન કરનાર, બુદ્ધિના પ્રેરક અને ભાવસ્વરૂપ જે છે તે શ્રીગુરુદેવને હું નમન કરું છું ॥ ૪ ॥

स्वरूपज्ञानशून्यस्य कृपया निखिलाघहृत् ।
कार्यमात्रसमर्थात्मन्, निजनाथ नमोनमः ॥ ५ ॥

અનુવાદ - સ્વરૂપના જ્ઞાનથી શૂન્ય-રહિત એવા સ્વકીય જનનાં સમગ્ર પાપોને જે કૃપાથી હરી રહ્યા છે, અને સર્વ કાર્યમાં સમર્થ સ્વરૂપ, એવા હે પોતાના ભક્તોના નાથ ! આપને નમન હો, નમન હો. ॥ ૫ ॥

रसमग्नो भग्नदुःखः सर्वदानविलक्षणः ।
सर्वाङ्गसुन्दर ! विभो ! रतिनाथविमोहनः ॥ ६ ॥
भक्तिप्रियो भावगम्यो रसज्ञो रसदायकः ।
अतिमाधुर्यनिचयो दुर्लभो भावबोधकः ॥ ७ ॥
अनन्यधर्मदाता च व्यभिचारनिवारकः ।
शरणागतसन्त्राता कालादिनयनाशकः ॥ ८ ॥

श्रीविठ्ठलप्राप्तिकर्त्ता निजदासावलम्बकः ॥ ८ १/२ ॥

અનુવાદ - ભગવદ્રસમાં નિમગ્ન, દુઃખને ભાંગનાર, સર્વ દાન આપવામાં વિલક્ષણ પ્રકારના, જેમનાં સર્વ શ્રીઅંગો સુન્દર છે એવા, હે વિભો ! આપ કામદેવને પણ મોહ કરનાર છો; ભક્તિ જેમને વ્હાલી છે, ભાવથી મેળવી શકાય તેવા રસને જાણનારા, રસનું દાન કરનાર, અત્યન્ત મધુરતાના સમૂહરૂપ, દુર્લભ ભાવને જણાવનારા, પ્રભુ વિના જેમાં બીજું નથી એવા શુદ્ધ ધર્મનું દાન કરનાર, વ્યભિચારનો વિનાશ કરનાર, શરણાગત જીવોના સારી રીતે રક્ષણહાર, કાલાદિના ભયનો નાશ કરનાર, શ્રીવિઠ્ઠલનાથજીના સ્વરૂપની પ્રાપ્તિ કરાવનાર અને પોતાના દાસોને એક અવલમ્બનરૂપી આપ શ્રીગુરુદેવ છો ॥ ૬-૭-૮ ૧/૨ ॥

इति श्रीनिजदासविरचितं गुरुदेवाष्टकं सम्पूर्णम् ।

* * *

अथ श्रीहरिरायमहाप्रभु विरचितम्

॥ श्रीवल्लभाष्टकम् ॥

(અનુષ્ટુભ્ છન્દ)

पतिः श्रीवल्लभोऽस्माकं गतिः श्रीवल्लभः सदा ।
मतिः श्रीवल्लभे ह्यास्तां रतिः श्रीवल्लभेऽस्तु मे ॥ १ ॥

અનુવાદ - શ્રીવલ્લભાચાર્ય પ્રભુ અમારા સ્વામી છે. શ્રીવલ્લભાધીશ સદૈવ અમારી ગતિ છે. અમારી બુદ્ધિ શ્રીવલ્લભમાં રહો; મારો પ્રેમ શ્રીવલ્લભાધીશમાં રહો. ॥ ૧ ॥

वृत्तिः श्रीवल्लभीयैव कृतिः श्रीवल्लभार्थिनी ।
दर्शनं श्रीवल्लभस्य स्मरणं वल्लभप्रभोः ॥ २ ॥

અનુવાદ - મારું વલણ શ્રીવલ્લભ સંબંધી જ રહો. કાર્ય શ્રીવલ્લભ માટે જ થાવ. દર્શન શ્રીવલ્લભપ્રભુનું અને સ્મરણ પણ શ્રીવલ્લભાચાર્યજીનું થાવ. ॥ ૨ ॥

तत्प्रसादसुमाघ्राणमस्तूच्छिष्टरसाग्रहः ।
श्रवणं तद्गुणानां हि स्मरणं तत्पदाब्जयोः ॥ ३ ॥

અનુવાદ - એ પ્રભુનાં પ્રસાદી પુષ્પોને જ સૂંઘવાનું થાવ. એમના ઉચ્છિષ્ટ રસમાં જ આગ્રહવાળો થાઉં. એમના ગુણોનું શ્રવણ અને એમના ચરણકમલનું સ્મરણ થાવ ॥ ૩ ॥

गृणनं तन्महित्वस्य सेवनं करयोर्भवेत् ।
तत्स्वरूपान्तरो भोगो गमनं तस्य सन्निधौ ॥ ४ ॥

અનુવાદ - એમના મહિમાનું ગાન અને એમના કરની સેવા થાવ. તે શ્રીવલ્લભપ્રભુના સ્વરૂપમાં રહેતો જ ભોગ થાવ અને તે પ્રભુની નિકટ જ મારું જવું થાવ ॥ ૪ ॥

तदग्रे सर्वदा स्थानं सङ्गस्तत्सेवकैः सदा ।
तद्वार्तातिरुचिर्निष्ठा भूयात्तद्वाक्यमात्रगा ॥ ५ ॥

અનુવાદ - તે શ્રીમહાપ્રભુજી આગળ જ હંમેશાં રહેવાનું થાવ અને તેમના સેવકોનો જ સદા સંગ થાવ. શ્રીમહાપ્રભુજીની જ કથામાં મારી રુચિ અને આપશ્રીનાં વચનોમાં જ નિષ્ઠા રહો ॥ ૫ ॥

श्रद्धा तदेकसम्बन्धे विश्वासस्तत्पदाब्जयोः ।
दास्यं तदीयमेवास्तु भूयात्तच्चरणाश्रयः ॥ ६ ॥

અનુવાદ - તે શ્રીમહાપ્રભુજીના સંબંધમાં શ્રદ્ધા, આપશ્રીનાં ચરણકમળમાં વિશ્વાસ, એઓશ્રીનું જ દાસ્ય અને એઓશ્રીનાં ચરણમાં આશ્રય થાવ ॥ ૬ ॥

मस्तके श्रीवल्लभोऽस्तु हृदि तिष्ठतु वल्लभः ।
अभितः श्रीवल्लभोऽस्तु सर्वं श्रीवल्लभो मम ॥ ७ ॥

અનુવાદ - મારા મસ્તક ઉપર શ્રીમહાપ્રભુજી બિરાજો, મારા હૃદયમાં શ્રીઆચાર્યજી બિરાજો, મારી ચારે બાજુ શ્રીવલ્લભ રહો અને મારું સર્વ શ્રીવલ્લભ થાવ. ॥ ૭ ॥

नमः श्रीवल्लभायैव दैन्यं श्रीवल्लभे सदा ।
प्रार्थना श्रीवल्लभेऽस्तु तत्पदाधीनता मम ॥ ८ ॥

અનુવાદ - શ્રીવલ્લભાચાર્યજીને નમસ્કાર હો. સદૈવ શ્રીવલ્લભાચાર્યજી વિશે જ મારી દીનતા થાવ. પ્રાર્થના શ્રીવલ્લભ વિશે જ થાવ અને તે શ્રીમહાપ્રભુજીનાં ચરણકમલમાં જ મારી પરવશતા રહો. ॥ ૮ ॥

एतदष्टकपाठेन श्रीवल्लभपदाम्बुजे ।
भवेद्भावो विनायासं भक्तिमार्गवृतात्मनाम् ॥ ९ ॥

અનુવાદ - આ અષ્ટકનો પાઠ કરવાથી ભક્તિમાર્ગમાં જેઓના આત્માનું વરણ થયું છે, તેવા જીવોને કોઇ પણ જાતની મહેનત વિના શ્રીમદ્‌વલ્લભાચાર્ય પ્રભુનાં ચરણકમલમાં ભાવ થાય ॥ ૯ ॥

इति श्रीहरिदासोक्तं श्रीवल्लभभावाष्टकं सम्पूर्णम् ॥